॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● પોષ વદ - ૯/૧૦ ● તા. ૬-૨-૨૦૨૧ ● શનિવાર SDP NO: 294 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ખેડૂત તાલીમ - ગઢશીશા

તા .૦૧ / ૦૨/૨૦૨૧ના રોજ વરજડી ગઢશીશા ખાતે સોઇલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત અર્ધ દિવસીય 'ખેડૂત તાલીમ' કાર્યક્રમનું આયોજન ગઢશીશા વિસ્તારના ગ્રામ સેવક બલદેવભાઈના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યું. તેમાં વી. આર. ટી. આઇ. અને એગ્રો સેલના પ્રતિનિધિઓ હાજર રહેલ.

એગ્રો સેલના માવજીભાઈએ નેટાફિમ ડ્રિપ એરીગ્રેશનના ફાયદા જણાવેલ. સોઇલ હેલ્થ અંગે જણાવેલ કે જેમ માણસના શરીરની MRI થાય છે તેમ જમીનની અને પાણીની MRI કરી ઘટતા તત્વોને પ્રવાહી રૂપે કે ખાતર રૂપે આપી જમીન અને પાણીની તંદુરસ્તી ચકાસવી અગત્યની છે. તે મુજબ પાક લેવા અને ખર્ચ ઘટાડવા માટે દવાની જગ્યાએ ગૌમુત્રનો ઉપયોગ કરવો અને વિજ્ઞાન ટેકનોલોજીનો ઉપયોગ કરવો વગેરે વિસ્તારથી સમજાવેલ .

એગ્રો સેલના અશોકભાઈએ જણાવ્યું કે પાણી અગત્યની વસ્તુ છે. પાણીને બચાવવા શકય તેટલા પ્રયત્નો કરવા પડશે. ખેતી કરવી હશે તો પાણીને માપીને વાપરવું પડશે. નવી ટેકનોલોજીથી ડ્રીપ એરીગેશન તરફ વળવું જ પડશે. જૂના કુવા બોરને રીચાર્જ કરવા વગેરે માહિતી આપી વિસ્તારથી સમજાવ્યું .

વી. આર. ટી. આઈ. ના દિલીપભાઈએ જણાવ્યું કે વર્મી કંપોઝ ખાતર બે પ્રકારે તૈયાર થાય છે. એક ખાતરરૂપે અને બીજું પ્રવાહીરૂપે. પાણી એ પાકને ઈન્જેકશન રૂપે કામ કરે અને ખાતર દવાની ગોળીરૂપે કામ કરે છે. વી. આર. ટી. આઇ. તરફથી નાના એકમ રૂપે ખેડૂતોને રાહત ભાવે વર્મી વોસ કીટ આપવામાં આવે છે. જે ખેડૂતભાઈઓને લેવા ભલામણ કરેલ. જેબા જેલી જમીનમાં પાણીનો સંગ્રહ કરે છે. તેનો ઉપયોગ કરવા જણાવેલ છે.

આ આખો કાર્યક્રમ પ્રગતિશીલ ખેડૂત અને સુભાષ પાલેકર, પાકૃતિક ખેતીના કચ્છ જિલ્લાના કન્વીનર અને સામાજિક કાર્યકર એવા શ્રી મણીલાલભાઈ કેશરાભાઈ માવાણીની વાડી ઉપર રાખવામાં આવેલ અને બહોળી સંખ્યામાં ખેડૂતોએ લાભ લીધેલ. સ્થળ નિરક્ષણમાં વર્મી કપોઝ ખાતર અને વર્મી વોશ ગૌમુત્ર વિષે મણીલાલભાઈએ જાતે પાક ઉપર કરેલ અખતરાઓમાં તફાવત બતાવેલ અને દરેક ખેડૂતે ગાય પાળવી અને છાણ મુત્રનો ઉપયોગ કરો તેવી ભલામણ કરેલ. પ્રશ્નોત્તરીમાં કરશનભાઈ, નરેન્દ્રભાઇ, કાન્તીભાઇ, શીવજીભાઇ, ભરતભાઈ, નાનાલાલભાઈ વગેરે ખેડૂત મિત્રોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા અને સંતોષકારક જવાબથી ખુશી વ્યકત કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગ્રામ સેવક બલદેવભાઈએ કર્યું જેમાં ડાહ્યાલાલભાઈ માવાણીએ સહયોગ આપેલ અને આભાર દર્શન મણીલાલભાઈ માવાણીએ કરેલ .

વડાલી વિભાગ દ્વારા ૩૪ મું વાર્ષિક સ્નેહમિલન-સાધારણ સભા જેતપુર(વડાલી) ખાતે યોજનાર છે

સંયોજક : અલ્પેશ રામાણી, સાબર રીજીયન PRO

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ વડાલી વિભાગ(વડાલી, ખેડબ્રહ્મા, ઈડર, વિજયનગર, તારંગા) દ્વારા ૩૪ મું વાર્ષિક સ્નેહમિલન-સાધારણ સભા તારીખ-૦૭/૦૨/૨૦૨૧ ના રવિવારના રોજ કડવા પાટીદાર સમાજવાડી, જેતપુર ખાતે સવારે ૭:૩૦ કલાકે યોજાનાર છે આ સ્નેહમિલનનો મુખ્ય ઉદ્દેશ સમાજ દ્વારા અમદાવાદ-અંબાજી મુખ્ય હાઈવે (ઈડર-વડાલી) વચ્ચે આવેલ જેતપુર ગામ પર ૨.૫ એકર ખરીદેલ નવીન જમીનના વિકાસ બાબત ની વિશેષ ચર્ચા કરવામાં આવનાર છે.

આજરોજ ૦૩ ફેબ્રુઆરીના કડોદરા, સુરત સમાજના સભ્ય અંકિત વિનોદભાઈ છાભૈયાના ધર્મપત્ની સ્વ. વૈશાલીબેનના આકસ્મિક અવસાનથી પરિવારને શ્રદ્ધાંજલિ સ્વરૂપ યુવા સુરક્ષા યોજનાનો પ્રથમ ૦પલાખનો ચેક અર્પણ કરતા દ. ગુ. સમાજ ઝોન પ્રમુખ ભાણજીભાઈ પોકાર, દ. ગુ. રિઝીયન મિશન ચેરમેન અરવિંદ પોકાર, DGR YSK કન્વીનર ગૌતમ ધોળું, કડોદરા KKP YOUTH CLUB IPP - ભરત સાખલા, ઉપપ્રમુખ - મનસુખ છાભૈયા, પ્રવક્તા - વિનોદ ઉકાણી, ભરત ભાવાણીની સાથે YSK સહયોગ નિધિ દ્વારા પરિવાર સુરક્ષા..

પોતે, પરિવારજનો, સગાં વહાલાં અને ૧૮ થી ૫૫ વર્ષના સૌ જ્ઞાતિજનોને YSK બનાવી..
સૌ પરિવારોને સુરક્ષિત કરીએ..
YSK સભ્યપદની પ્રક્રિયા માટે YSK કન્વીનરનો સંપર્ક કરીએ..
YSK Mission Months Feb-Mar 2021
Team DGR

"જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત"

ગુજરાતની પ્રજા એટલે મોજીલી પ્રજા ધંધા ઉધોગની સાથે મોજની જીંદગી જીવવી એ તેનુ ઉતમ ઉદાહરણ એટલે સુરતના ઉધોગપતી શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, શ્રી લવજીભાઈ ડાલીયા (બાદશાહ), શ્રી કેશુભાઈ ગોટી, શ્રી ભરતભાઈ શાહ અને શ્રી દિનેશભાઈ નાવડિયા સહિતના લોકો ઉંચા આકાશમાં ચાર્ટડ પ્લેનમાં શેરડી ખાવાની મજા લેતા. આનંદ ક્યાં કેવા અને કેવી રીતે એજ તો નાવીન્ય છે ગુજરાતીનું.. પોતાનું આગવુ અસ્તિત્વ છે આ સુરતી સૌરાષ્ટ્રનું...

સમાજ વિકાસ

મહારાષ્ટ્ર — ગુજરાત — કર્ણાટક — રાજસ્થાન — ગોવા — દેશભર

પ્રતિશ્રી..

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના

ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારશ્રીઓ, કારોબારી, કૉપ્ટ તથા આમંત્રિત સભ્યશ્રીઓ, ઝોન સમાજના કર્ણધારો તેમજ યુવાસંઘ તથા મહિલા સંઘના કર્ણધારો જોગ:

વિષય: શ્રી સમાજની આગામી કારોબારી સભા અંગે:-

સવિનય સહ જણાવવાનું કે...
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની આગામી કારોબારી સભા આગામી તારીખ **16. 5. 2021** ના પાટીદાર વિદ્યાર્થી ભવન - નખત્રાણા ખાતે મળનાર છે જેની આપ સૌ નોંધ લેશો.

કચ્છ ખાતેના સમુહ લગ્ન આ વર્ષે તા. **14. 5 .2021** ને અખાત્રીજના દિવસે આયોજનો કરવામાં આવેલ છે

આપ શ્રી સમૂહ લગ્ન તેમજ કારોબારી સભામાં આવવા જવાની સુપેરે વ્યવસ્થા કરી શકો તે માટે આગોતરી જાણ કરવામાં આવેલ છે.

આપનો સહૃદયી
પુરુષોત્તમભાઈ સવજી ભાઈ ભગત
મહામંત્રીશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
તા.05.02.2021

" શ્રધ્ધાંસુમન "

સ્વ. ભાનુબેન જેઠાલાલ ચોપડા ગામ રાજપર
હાલે ભુજ ઉમા નગર.(મુંબઈ)

માતૃશ્રી ભાનુબેન જેઠાભાઈ ચોપડા ૮૩ વર્ષ નું દીર્ઘ આયુષ્ય ભોગવીને હર્યાભર્યા પરિવારની લીલી વાડી જોઈને પૃથ્વી પરના સ્વર્ગ સમા પરિવારમાંથી પાછા સ્વર્ગે નીસર્યા.
કહેવાય છે ને "મા" ગમે એટલા વર્ષ જીવે તો પણ સંતાનોને એમ જ હોય કે...
મા હજી બેઠા હોય અને બહારથી આવીને "મા" ના દર્શન થાય.
કુદરતના નિયમ અનુસાર શરીર બદલાવું પડે છે.
આત્મા શાશ્વત છે...
આ પ્રસંગે સમસ્ત જેઠાબાપાના પરિવાર ને આવી ક્ષણોમાં મા ઉમિયા દુઃખ સહન કરવાની શક્તિ આપે અને ભાનુ બા ના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી અભ્યર્થના

- શોકાતુર :- પ્રચાર પ્રસાર સમિતિ, (સનાતન ધર્મ પત્રિકા).

શ્રધાંજલિ.. પુષ્પઅંજલી...

સ્વ.ભાનુબેન જેઠાલાલ ચોપડા, રાજપર કચ્છ - સાદડી પ્રાથના સભા
સ્વ ભાનુબેન જેઠાલાલ ચોપડા ગામ રાજપર હાલે ભુજ ઉમાનગર અને મુંબઈ
સ્વર્ગવાસ તા.૦૩.૦૨.૨૧. ઉમર વર્સ ૮૩ **પ્રાથના સભા ત્રણ જગ્યાએ રાખેલ છે**
(નીચે મુજબ)
રાજપર પાટીદાર વાડી કચ્છ- માંડવી
૦૬.૦૨.૨૧ શનિવારે સવારે ૯ થી ૧૨. બપોરે ૩ થી ૫
ભુજ ઉમાનગર બસેરા શેરી ન.૮ ૦૭.૦૨.૨૧ રવિવારે સાંજે ૪ થી ૫-૩૦
મુંબઈ ઘાટકોપર પાટીદાર વાડી ૧લે માળે ૦૮.૦૨.૨૧ સોમવારે સાંજે ૪ થી ૫-૩૦
સંબંધ વડીલ શ્રી જેઠાલાલ લાલજી ચોપડા,(લક્ષ્મીનારાયણ સંસ્કારધામ પ્રમુખશ્રી)**ના ધર્મ પત્ની**, મોહનભાઈ, મનીષભાઈ, વિઠ્ઠલભાઈ ઉર્મિલાબેનના **માતૃશ્રી.**
લીલાબેન રંજનબેન કંચનબેન શાંતિભાઈ ના **સાસુમાં**
નાનજીભાઈ, મણિલાલભાઈ, પાનબાઈ, સ્વ. શામજી પારસીયા. કુંવરબેન સ્વ. માવજી ધોળું. સ્વ. શાંતાબેન સ્વ. અરજણ લીંબાણી. પ્રેમીલાબેન અમરત દડગા. લક્ષ્મીબેન મણિલાલ સેંઘાણી. લીલાબેન કાંતિલાલ સેંઘાણી ના **ભાભીશ્રી.**
ભરત, રશ્મિતા, કાર્તિક, સાગર, આકાશ, શની, નિયતિ ના **દાદી.**
મનીષા, ભુપેશ, દીપલ, પ્રાચી, રીમાં, સુજય ના **દાદી સાસુ.**
વંશી, પ્રિયાશ, જીવ, આર્યન ના **પરદાદી**
લધા અબજી ધોળું (રાયણ) ના **દીકરી**
નારણ ભાઈ. સ્વ દેવજીભાઈ. રામબાઈ (નવાવાસ) ના **બહેન.**
સરકાર ના કોવિડ ૧૯ ના ગાઈડ મુજબ રાખેલ છે
સંપર્ક: **મનીષ** ૯૮૩૩૩૨૧૦૦૩, **વિઠ્ઠલ** ૯૭૬૯૯૯૨૯૩૯, **શાંતિલાલ** ૮૮૫૦૫૩૫૩૨૦
સનાતન ધર્મ પત્રિકા સ્વર્ગીય ભાનુબેનના અવસાન નિમિતે આત્મિય ભાવે પુષ્પઅંજલી અર્પણ કરે છે. દિવંગતના આત્મા ની શાંતિ કાજે પ્રાર્થના કરે છે.
ટીમ પ્રચાર અને પ્રસાર, શ્રીસમાજ..

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

તા. ૦૬/૦૨/૨૦૨૧
HAPPY BIRTHDAY

MEENABEN DIPAKBHAI PAJAVANI
Executive Member DGR
Valsad, M. 9725794816

જન્મ દિવસ સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ,
આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

પ્રતિનિધિ :- Nilesh Surani, Talod , 9428063512.

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

તા. ૦૬/૦૨/૨૦૨૧
HAPPY BIRTHDAY

ARCHANA SHAILESH RANGANI
Conv. Health & Disaster Management
VDR Nagpur M. 9427583003

જન્મ દિવસ સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ,
આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

સનાતન ધર્મ પત્રિકાના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી દર્શાવી છે.

કેટલાક આદર્શ ની વાતો કરતા હોય છે ને કેટલાક આદર્શ હોય છે.

અર્ચના રંગાણી, સુપર મોમ આધુનિક ભાષા માં કહી શકીએ.. હાલરડાં ગાઈ ને જેમ જીજાબાઈ એ શિવજીનું ઘડતર કરેલ તેમ સંસ્કાર જ્ઞાન શીલ અને એકતા ના તમામ પાઠ નું અધ્યયન કરાવી દીકરા તેજસ અને દીકરી દીક્ષા ને સુપર ચાઈલ્ડ નું ઘડતર કરનાર આ સુપર મોમ એટલે આજની જીજાબાઈ અર્ચના રંગાણી.. આજે ૦૬ ફેબ્રુઆરીના એનો જન્મ દિવસ અને ૧૦ ફેબ્રુઆરી ના શૈલેષ રંગાણી સાથે એની લગ્ન ની એનિવર્ષારી ત્યારે તેઓ બને નો YSK અભિયાન નો સંકલ્પ પુરા પરિવાર સાથે પરિપૂર્ણ કરશે.. બીજાના જીવનમાં અંધકાર માં રોશની પ્રગટાવવા નું ઉત્તમ કાર્ય તેઓ આ દિવસો માં કરશે અને આદર્શ પરિવાર નું પણ બિરુદ મેળવશે એવી અપેક્ષા સાથે જન્મ દિન ની શુભેચ્છા.. મસ્ત રહો.. વ્યસ્ત રહો.. તંદુરસ્ત રહો... ખુશ રહો.

પ્રતિનિધિ :- Nilesh Surani, Talod , 9428063512.

Value of a tree is ₹74,500 multiplied by its age: Supreme Court panel

Setting a guideline on the valuation of trees for the first time in India, a Supreme Court-appointed committee said a tree's monetary worth is its age multiplied by ₹74,500. Out of this, the cost of oxygen alone is ₹45,000. The five-member committee added a heritage tree with lifespan of over 100 years could be valued at more than ₹1 crore.

-: અવસાન નોંધ :-

તારીખ : ૪/૨/૨૦૨૧ ગુરૂવાર
સ્વ. કાન્તાબેન દેવરામભાઈ રૂડાણી, ઉમર : ૫૯ વર્ષ,
કચ્છ માં ગામ : નાના અંગીયા, હાલે : વિશાખાપટનમ.

તા. ૫/૨/૨૦૨૧ શુકવાર
સ્વ. માવજીભાઈ ગોપાલભાઈ ભોજાણી, ઉમર : ૮૨ વર્ષ,
કચ્છ માં ગામ : પલીવાડ, હાલે : સાગવા, રાજાપુર, રત્નાગીરી.
સ્વ. હિરજીભાઈ શીવગણભાઈ ભાવાણી, ઉમર : ૬૨ વર્ષ,
કચ્છ માં ગામ : નેત્રા (માતાજીના), હાલે : સુલૂર (પાપમપટી).

શાળાઓના ડ્રેસ અને શાળાની બસમાં ક્લિબિલાટ સંભળાવવા લાગ્યા છે.

દરેક શાળાનાં દરેક વર્ગમાં સવારના પ્રથમ - દ્વિતિય એવા પિરિયડમાં, Goooooooooooodddd mmmoooooorrrrrnnnniiiinnnngggg ttccchhhhhhhrrrrrrrr આવો સામૂહિક સ્નેહનાદ પણ સંભળાવવા લાગ્યો છે.

બાળકો તો બાળકો જ છે.

બાળકો વિના ઘર અધૂરું, શાળા અધૂરી અરે, આખી દુનિયા અધૂરી.

અમારા વ્હાલા બાળકો તમે છો તો અમારામાં પ્રાણ છે, પ્રસન્નતા છે, સર્જનાત્મકતા છે, સક્ષ્મતા છે, સજીવનતા (જીવંતતા) છે. તમે છો તો અમે છીએ. તમે છો તો અમારામાં ધબકાર છે, તમે છો તો અમારામાં ગતિશીલતા છે. તમારું હોવાપણું જ અમારી જિંદગીનો એકમાત્ર મકસદ છે.

Ttttttttthhhhhhhhaaaaaaannnnnnkkkkkkkuuuu. ssssssttttttuuuuuuddddddeeeeennnnttttteeeesss.

બસ, હવે આતુર છીએ આપનો કલશોર સાંભળવા, તોફાન મસ્તી જોવા, તમારી હરકતો અનદેખી કરવા, તમારા સપનાઓ જોવા.

ડો. પ્રતિભા ગોસ્વામી
એસ. યુ. વી. ઇન્ટરનેશનલ સ્કૂલ, વલથાન, સુરત.
Thi Pride of ABKKPS